# એક વર્ષમાં જિલ્લાના ઉદ્યોગ એકમોમાં ૩૮૫૯૭ ને રોજગારી

## સ્થાનિકોને રોજગારી પુરી પાડવામાં કલોલ તાલુકો મોખરે : માણસામાં માત્ર ૩૦૯ વ્યક્તિનો સમાવેશ

ગાંધીનગર, તા. ૨

જિલ્લાના નાના-મોટા ઉદ્યોગ એકમોમાં છેલ્લા એક વર્ષ દરમિયાન ૩૮૫૯૭ બેરોજગાર વ્યક્તિઓને રોજગારી પુરી પાડવામાં આવી હોવાનુ શ્રમ અને રોજગાર મંત્રીએ જણાવ્યું છે. આ ઉપરાંત મહેસાણા જિલ્લામાં પણ ૩૨૮૪૯ને રોજગારી આપવામાં આવી છે.

વિધાનસભા ગૃહમાં આજે યોજાયેલી તારાંકિત પ્રશ્નોત્તરી દરમિયાન માણસાના ધારાસભ્ય અમિત ચૌધરીએ પ્રશ્ન ઉઠાવ્યો હતો કે જિલ્લામાં છેલ્લા એક વર્ષ દરમિયાન ઉદ્યોગ એકમોમાં કેટલા સ્થાનિક વ્યક્તિઓને રોજગારી પુરી પાડવામાં આવી છે. જેના જવાબમાં શ્રમ અને રોજગાર મંત્રીએ જણાવ્યું હતું કે રોજગાર કચેરીના દફતરે નોંધાયેલ એકમો પૈકી ૧ જાન્યુઆરીની ૩૧ ડીસેમ્બર ૨૦૧૪ દરમિયાન જિલ્લાના ૩૮૫૯૭ સ્થાનિક વ્યક્તિઓને રોજગારી પુરી પાડવામાં આવી છે. જેમાં માણસા તાલુકામાં ૩૦૯, દહેગામમાં ૮૬૧, ગાંધીનગરમાં ૭૧૭૮ ઉપરાંત કલોલ તાલુકામાં સૌથી વધુ ૩૦૨૪૯ વ્યક્તિઓને રોજગારી પુરી પાડવામાં આવી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે મહેસાણા જિલ્લામાં પણ છેલ્લા એક વર્ષમાં ૩૨૮૪૯ વ્યક્તિઓને રોજગારી પુરી પાડવામાં આવી છે. જો કે મહેસાણાના બેચરાજી, સતલાસણા અને જોટાણામાં એક પણ વ્યક્તિને આ અન્વયે રોજગારી મળી નથી જ્યારે મહેસાણા, કડી અને વિસનગરમાં રોજગાર કચેરી મારફત રોજગારી મેળવનારાઓની સંખ્યા વિશેષ હોવાનું ધ્યાને આવ્યું છે.



**વિધાનસભામાં ગાંધીનગર**
**- ધનંજય જોષી**

**● ખેત મજૂર વીમા અકસ્માત હેઠળ ૧૫ લાખ ચુકવાયા**

જિલ્લાના ૧૫ ખેતમજૂરોને અકસ્માત વીમા યોજના હેઠળ વીમાની રકમ પેટે રૂ. ૧૫ લાખ ચુકવવામાં આવ્યા છે. કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના પ્રશ્નના ઉત્તરમાં શ્રમ અને રોજગાર મંત્રીએ જણાવ્યું હતું કે ખેત મજૂર અકસ્માત વીમા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં વિભાગને ૩૦ અરજીઓ મળી હતી. જ્યારે આ પૈકી ૧૫ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. આ મંજૂર અરજીઓ અન્વયે રૂ. ૧૫ લાખની ચુકવણી કરવામાં આવી છે. વિભાગને મળેલી અરજીઓ અન્વયે રૂ. ૧૫ લાખની ચુકવણી કરવામાં આવી છે. વિભાગને મળેલી અરજીઓ અન્વયે બે અરજીઓ મૃતકની ઓછી ઉંમર તેમજ મૃતકનું ડ્રાઈવીંગ લાઈસન્સ રજુ કરવામાં ન આવ્યું હોવાના લીધે નામંજૂર કરવામાં આવી છે.

**● નિરાધાર વૃદ્ધ સહાય યોજનામાં ૪૮ અરજીઓ નામંજૂર**

નિરાધાર વૃદ્ધ સહાય યોજના અંતર્ગત છેલ્લા એક વર્ષમાં સામાજિક ન્યાય અને અધિકારીના વિભાગને

● અનુસંધાન પાન-૭ પર



રંગોનું પર્વ - હોળી પર્વનું કાઉન્ટ-ડાઉન આરંભાયું છે... બજારમાં ખજૂર, ધાણી, રંગ, પિચકારીઓ ખડકાવા લાગી છે... આપણી સામાજિક પરંપરા પર્વોની ઉજવણી સાથે રસપ્રદ રીતે ગુંથાયેલી છે... શિયાળાનો અંત અને ઉનાળાનો આરંભ આ સંધિકાળમાં ઉલ્લાસ પ્રગટાવવા રંગોનું પર્વ ધામધૂમથી ઉજવાય છે... ધાર્મિક દંતકથા સાથે જોડાયેલું છતાં જીવનના ઉમંગને પ્રગટાવવાનું પર્વ એટલે હોળી - ધૂળેટીનું પર્વ... (તસવીર : કશ્યપ નિમાવત)

# બોર્ડની પરીક્ષામાં બિમાર વિદ્યાર્થી માટે અલગ બેઠક વ્યવસ્થા ગોઠવાશે

## શરદી, ખાંસી સહીતની બિમારી ધરાવતા વિદ્યાર્થીઓ માટે પરીક્ષા સ્થળે અલગ રૂમ

ગાંધીનગર, તા. ૨

સ્વાઈન ફ્લુનો રોગચાળો વકર્યો છે ત્યારે બોર્ડ પરીક્ષાનું પણ કાઉન્ટ-ડાઉન શરૂ થઈ ગયું છે. શિક્ષણ બોર્ડ દ્વારા ધો. ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાને અનુલક્ષી જરૂરી તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. વિદ્યાર્થીઓ શાંતિપૂર્ણ અને સલામત વાતાવરણમાં પરીક્ષા આપે તે માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. પરીક્ષા દરમિયાન શરદી, ખાંસી સહીતની તકલીફ ધરાવતા બિમાર વિદ્યાર્થીઓ માટે અલગ રૂમમાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવશે.

આગામી ૧૨ માર્ચથી શરૂ થનારી બોર્ડ પરીક્ષાને અનુલક્ષી પરીક્ષા સ્થળોએ જરૂરી વ્યવસ્થાથી સજ્જ કરવા આયોજન હાથ ધરાયું છે. પરીક્ષાની કાર્યવાહી વધુ પારદર્શક બને તે માટે તમામ પરીક્ષા સ્થળોએ સી.સી.ટી.વી. કેમેરા લગાવી વોચ રાખવામાં આવનાર છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ શાંતિપૂર્ણ અને સલામત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટે પણ જરૂરી વ્યવસ્થા કરવામાં આવી છે. જિલ્લામાં વકરતા સ્વાઈન ફ્લુના રોગચાળાને ધ્યાને લઈ બિમાર પરીક્ષાર્થીઓ માટે બોર્ડ પરીક્ષામાં અલગ રૂમમાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવશે. ખાંસી, શરદી સહીતની બિમારી ધરાવતા પરીક્ષાર્થીઓને અલગ રૂમમાં બેસાડવામાં આવશે. આ ઉપરાંત તમામ પરીક્ષા કેન્દ્રોને જરૂર પડે તબીબના સંપર્કમાં રહેવા પણ સૂચના આપવામાં આવી છે. પરીક્ષાનુ કાઉન્ટ ડાઉન શરૂ થતા વિદ્યાર્થીઓ અંતિમ તબક્કામાં પરીક્ષાલક્ષી તૈયારીમાં લાગી ગયા છે.

# આવો, ઈકો ફ્રેન્ડલી હોળી ઉજવી પર્યાવરણનુ જતન કરીએ

## હોળી દહન પ્રતિકાત્મક થાય અને લાકડાઓનો ઓછામાં ઓછો ઉપયોગ થાય તે પર્યાવરણના હીતમાં છે : કેમીકલ વિનાના રંગોથી હોળી ઉજવવી આજની જરૂરિયાત

ગાંધીનગર, તા. ૨

**સમયસર**

આગામી દિવસોમાં હોળી-ધુળેટીનો તહેવાર ઉજવાશે. ઠેર ઠેર આ તહેવારોની ઉજવણીની તૈયારીઓ ચાલી રહી છે. હોળી પ્રાગટ્યનું આપણે ત્યાં ખુબ જ મહત્વ છે. આજના સમયને ધ્યાને લઈ હોળી દહન પ્રતિકાત્મક થાય તો લાકડાઓનો ઓછો ઉપયોગ થશે અને વાયુ પ્રદૂષણ પણ અટકશે. ઈકો ફ્રેન્ડલી હોળી-ધુળેટીની ઉજવણી આજના સમયની તાતી જરૂરીયાત છે.

આજકાલ ગ્લોબલ વોર્મિંગ શબ્દ ખુબ સાંભળવા મળે છે. વારંવાર ઋતુઓમાં આવતુ પરિવર્તન ગ્લોબલ વોર્મિંગને કારણે છે તેવુ તારણ પર્યાવરણવિદોનુ છે. આપણી આસપાસ હરીયાળી જળવાઈ રહે, આપણે સ્વસ્થ્ય અને આરોગ્યપ્રદ વાતાવરણમાં શ્વાલ લઈ શકીએ અને આપણી ભાવી પેઢીને એક સુંદર વાતાવરણની ભેટ આપી શકીએ તે માટે પર્યાવરણના જતનની શરૂઆત આજથી જ કરી દઈએ. આગામી દિવસોમાં હોળી-ધુળેટીનો તહેવાર ઉજવાશે. આ બંને તહેવારોને જો આપણે ઈકો-ફ્રેન્ડલી બનાવી શકીએ તો તે પર્યાવરણના જતનમાં ખુબ જ મોટુ પગલુ ગણાશે.

ભારતીય પરંપરા અનુસાર હોળીના દિવસે હોળી પ્રગટાવવામાં આવે છે. જેમાં લાખો ટન લાકડાઓનો ઉપયોગ થાય છે. આપણી આસ્થાનુ સ્થાન યોગ્ય છે, પરંતુ આજના સમયમાં જ્યારે વૃક્ષો દિન પ્રતિદિન ઓછા થઈ રહ્યા છે અને આપણા જીવન માટે જરૂરી એવા કુદરતી ઓક્સીજનનો જથ્થો ઘટી રહ્યો છે ત્યારે એક જ દિવસમાં એક સાથે લાખો ટન લાકડાઓને જલાવી દેવા ક્યાંની સમજદારી છે. હોળીના પ્રાગટ્ય માટે લાકડાઓના

● અનુસંધાન પાન-૭ પર

# રોગચાળાને પગલે શાળા-કોલેજોમાં રજા જાહેર કરવા માંગ

## રોગચાળો વકરતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ફફડાટ

ગાંધીનગર, તા. ૨

સ્વાઈન ફ્લુના રોગચાળાએ કહેર વર્તાવ્યો છે. શહેરમાં સ્વાઈન ફ્લુ ઉપરાંત અન્ય વાઈરલ રોગચાળાએ પણ ભરડો લીધો છે. આવા સંજોગોમાં શાળાએ જતા વિદ્યાર્થીઓને અનુલક્ષી વાલીઆલમમાં ઘેરી ચિંતા પ્રવર્તી છે. રોગચાળાની સ્થિતિને ધ્યાને લઈ શાળાઓમાં મીની વેકેશન જાહેર કરી દેવા પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

મોસમનો મિજાજ બદલાયા બાદ વાતાવરણમાં ઠંડીનુ જોર વધતા રોગચાળાના મામલે ચિંતાના વાદળો ઘેરાયા છે. ત્યારે શાળાના વિદ્યાર્થીઓ માટે અઠવાડીયાની રજા જાહેર કરવા પણ જાગૃત નાગરિકોમાં માંગ ઉઠવા પામી છે.


સ્વાઈન ફ્લુના રોગચાળાથી નગરના જનજીવનમાં ફફડાટ પ્રવર્ત્યો છે. સ્વાઈન ફ્લુના દિન પ્રતિદિન નવા કેસો અસ્તિત્વમાં આવતા રોગચાળાની અસરથી બચવા નાગરિકો આર્યુવેદિક ઉકાળાનુ સેવન કરવા ઉપરાંત વધુ ભીડ હોય ત્યાં જવાનુ ટાળે છે. ભીડભાડવાળી જગ્યાએ નાગરિકો માસ્ક પહેરીને જતા નજરે પડે છે.

ગાંધીનગર જિલ્લામાં પણ સ્વાઈન ફ્લુથી અત્યાર સુધી ૧૬૪ સ્વાઈન ફ્લુના કેસો નોંધાયા છે. જ્યારે આ પૈકી ૨૧ દર્દીઓ મોતને ભેટ્યા છે. આસપાસના ગામો ઉપરાંત શહેરી વિસ્તારમાં પણ સ્વાઈન ફ્લુનો કહેર હોવાથી શાળાએ જતા વિદ્યાર્થીઓમાં પણ ફફડાટ પ્રવર્ત્યો છે. રોગચાળાની સ્થિતિમાં મૌસમના પલટા બાદ વાતાવરણમાં ફરી ઠંડીનુ જોર વધ્યુ છે. સામાન્ય વાયરલ ફીવરના દર્દીઓથી પણ ખાનગી દવાખાનાઓ ઉભરાઈ રહ્યા છે. ત્યારે આવા રોગચાળાથી પ્રભાવિત વાતાવરણમાં શાળાએ જતા વિદ્યાર્થીઓને લઈને વાલીઓમાં પણ ઘેરી ચિંતા પ્રવર્તી છે. રોગચાળાના ખતરાને ધ્યાને લઈ નગરની શાળા, કોલેજોમાં અઠવાડીયાની રજા જાહેર કરી દેવા પણ માંગ ઉઠવા પામી છે. ક્લાસરૂમમાં મોટી સંખ્યામાં એકત્રિત થતા વિદ્યાર્થીઓને અનુલક્ષી કોઈપણ વિદ્યાર્થી રોગચાળાનો ભોગ બની શકે તેમ હોવાનો આક્રોશ સેવતા વાલીઆલમમાં પણ રજા જાહેર કરવાની લાગણી અને માગણી પ્રબળ રીતે ઉઠવા પામી છે.

Rotary | KSV

રોટરી ક્લબ ઓફ ગાંધીનગર
(RI District 3051, 2014-15)
અને કડી સર્વ વિશ્વ વિદ્યાલય,
ગાંધીનગર આયોજિત

કેન્દ્રીય અંદાજપત્ર ૨૦૧૫ની સમીક્ષા તથા અર્થતંત્ર ઉપર તેની અસર અંગેનું માર્ગદર્શન



વક્તા : શ્રી મુકેશ એમ. પટેલ
ખ્યાતનામ એડવોકેટ અને ટેક્ષ કન્સલટન્ટ

PARAM

તારીખ : ૩ માર્ચ, ૨૦૧૫. મંગળવાર
સમય : સાંજે ૬.૦૦ થી ૮.૦૦
સ્થળ : શેઠ શ્રી ખીમજી વિસરામ હોલ, કડી કેમ્પસ, સેક્ટર - ૨૩, ગાંધીનગર

છેલ્લા ૧૩ વર્ષથી રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા યોજાતા આ જાહેર પ્રવચનમાં સહુને ભાવભર્યું નિમંત્રણ છે


સાંજે ૫.૩૦ સુધીમાં આપની બેઠક લઈ લેવા નમ્ર અનુરોધ છે

Program Supported By KALPA-TARU Power Transmission Limited

# માહિતી કમિશનર તરીકેનો પદભાર સંભાળતા એસ. બી. રાવલ

ગાંધીનગર, તા. ૨

રાજયના માહિતી કમિશનર તરીકે શ્રી એસ. બી. રાવલ (આઈ.એ.એસ.)એ પદભાર સંભાળ્યો છે. રાજય સરકારમાં અનેક મહત્વના સ્થાનો પર સફળતાપૂર્વક ફરજ બજાવી ચૂકેલા શ્રી એસ. બી. રાવલ દીર્ઘ અનુભવી સનદી અધિકારી છે.



૧૯૮૬ની ગુજરાત એડમીનીસ્ટ્રેટીવ સર્વિસ બેચથી સરકારી સેવાનો પ્રારંભ કરનાર શ્રી રાવલે આ અગાઉ રાજકોટ અને ભાવનગરમાં ડેપ્યુટી કલેકટર, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી-ભાવનગર અને અમદાવાદના નિયામક તરીકે, પી.જી.વી.સી.એલ. - રાજકોટના મેનેજિંગ ડિરેકટર, સુરેન્દ્રનગર જિલ્લા વિકાસ અધિકારી તેમજ નગરપાલિકા નિયામક અને જિલ્લા કલેકટર-મોરબી જેવાં મહત્વના સ્થાનો પર યશસ્વી કામગીરી કરી છે.

સચિવશ્રીની કેડરમાં પ્રમોશન મળતા તા. ૨૮-૦૨-૨૦૧૫થી માહિતી કમિશનર, ગુજરાત રાજય, ગાંધીનગર તરીકે હાજર થયેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજયના નવરચિત મોરબી જિલ્લાના પ્રથમ કલેકટર તરીકે ફરજ બજાવી છે. તેઓશ્રીના કાર્યભાર દરમિયાન અસમાજિક તત્વોના સામે કડક હાથે કામ લેવામાં તેમજ

● અનુસંધાન પાન-૭ પર

# આજે ગાંધીનગરમાં અંદાજપત્ર પર મુકેશ પટેલનું જાહેર પ્રવચન

ગાંધીનગર, તા. ૨

રોટરી ક્લબ ઑફ ગાંધીનગર દ્વારા કડી સર્વ વિશ્વ વિદ્યાલયના સહયોગથી તારીખ ૩ માર્ચ, ૨૦૧૫ને મંગળવારના રોજ ગુજરાતના ખ્યાતનામ એડવોકેટ અને ટેક્ષ કન્સલ્ટન્ટ શ્રી મુકેશભાઈ એમ. પટેલના અંદાજપત્ર પરના વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું છે.

રોટરી ક્લબ ઑફ ગાંધીનગર દ્વારા નાગરિકોને જાહેર આમંત્રણ પાઠવતાં જણાવાયું છે કે, ગુજરાત રાજ્યના સુપ્રસિધ્ધ ટેક્ષ કન્સલ્ટન્ટ અને જાણીતા વક્તા શ્રી મુકેશભાઈ એમ. પટેલ 'કેન્દ્રીય અંદાજપત્ર ૨૦૧૫ની સમીક્ષા તથા અર્થતંત્ર ઉપર તેની અસર અંગેનું માર્ગદર્શન' વિશે વક્તવ્ય આપશે. તારીખ ૩ માર્ચ ૨૦૧૫ને મંગળવારના રોજ સાંજે ૬.૦૦ થી ૮.૦૦ દરમિયાન શેઠશ્રી, ખીમજી વિસરામ હૉલ, ગેટ નં. ૬, કડી કેમ્પસ, સેક્ટર-૨૩, ગાંધીનગર ખાતે યોજાનારા આ વક્તવ્યમાં નાગરિકોને પધારવા જાહેર આમંત્રણ છે.

કડી સર્વ વિશ્વ વિદ્યાલય અને કલ્પતરુ પાવર ટ્રાન્સમિશન લીમિટેડના સહયોગથી છેલ્લા ૧૩ વર્ષથી યોજાતા આ જાહેર પ્રવચનનો લાભ લેવા ગાંધીનગરના તમામ નાગરિકોને રોટરી ક્લબ દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



તકેદારી - છેલ્લા એક મહિનાથી સ્વાઈન ફ્લુ દિન-પ્રતિદિન વિસ્તરતો જાય છે... આજકાલ શાળા-કૉલેજો અને જાહેર કાર્યક્રમોમાં તકેદારીના પગલા રૂપે માસ્ક પહેરવાનો આગ્રહ રખાય છે... ખાસ કરીને શાળા-કૉલેજોમાં ખૂબ જ જરૂરી છે...

# હાશ, સ્વાઈન ફલુના ચાર જ કેસ

## સે-૧માંથી વધુ ૧ કેસ મળ્યો : જિલ્લામાં અત્યાર સુધી ૯૭ દર્દીઓ સાજા થતાં રજા આપવામાં આવી છે : કલેક્ટર

ગાંધીનગર, તા. ૨

શહેર અને જિલ્લામાં સ્વાઈન ફ્લુનો રોગચાળો અટકવાનું નામ લેતો નથી. આજે વધુ ૪ નવા કેસ જિલ્લામાંથી મળી આવતાં આ રોગના દર્દીઓની સંખ્યા ૧૬૮ પર પહોંચી છે.

આજે નોંધાયેલા ચાર કેસમાં કલોલ, દહેગામ, માણસા અને ગાંધીનગર શહેરમાંથી એક એક કેસ મળી આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરના સે-૧માંથી એક મહિલા દર્દીને સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાયેલ છે.

● અનુસંધાન પાન-૭ પર




ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

SANGHI CEMENT | KisaN | ashirvad C. PVC, UPVC | VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com